# યુપીએસસી પરીક્ષામાં મમતા આઈ.એ.એસ. સેન્ટરના ૧૩ વિદ્યાર્થીઓ સફળ થયા

**ગાંધીનગર સ્થિત સર્વ વિદ્યાલય કેળવણી મંડળ સંચાલિત મમતા આઈએએસ સેન્ટરના ૧૩ વિદ્યાર્થીઓ સફળ થઈ ગૌરવ વધાર્યું**




સર્વ વિદ્યાલય કેળવણી મંડળ, ગાંધીનગર સંચાલિત મમતા આઈ.એ.એસ. સેન્ટરના ૧૩ વિદ્યાર્થીઓ યુનિયન પબ્લીક સર્વિસ કમિશનની પરીક્ષામાં સફળ થઈ ગાંધીનગરનું ગૌરવ વધાર્યું છે. ઓક્ટોબર - નવેમ્બરમાં લેવાયેલ યુ.પી.એસ.સી.ની વર્ગ-૧ની મુખ્ય પરીક્ષામાં ઉત્તિર્ણ થઈ દિલ્હી ખાતે મૌખિક ઈન્ટરવ્યુ માટે ઉપસ્થિત થશે. દેશભરમાંથી અંદાજીત ૧૩૩૦૦ પરીક્ષાર્થીઓમાંથી ૨૫૬૦ વિદ્યાર્થીઓ જ ઉત્તિર્ણ થયા છે. જેમાં ગુજરાતના ૩૫ વિદ્યાર્થીઓનો સમાવેશ થાય છે.

આ ગૌરવશાળી સ્થાન મેળવવામાં ગાંધીનગર સ્થિત મમતા આઈ.એ.એસ. ટ્રેનીંગ સેન્ટરના ૧૩ વિદ્યાર્થીઓ સફળ થયા છે. જેમાં દેવેન કેશવાલા, સન્ની પટેલ, મિલન સોલંકી, અક્ષય જારે, મોહિત પંચાલ, રીયા સરવૈયા, સંદિપ પરમાર, ખુશ્બુ સુથાર, અબા આરબ, મિતુલ રાઠોડ, અશોક રાઠોડ, દક્ષેશ પરિખ, મનોજ બારહટનો સમાવેશ થાય છે.



● શિક્ષણ વિભાગમાં ડિવાયએસઓ તરીકે ફરજ બજાવતા મૂળ ભાવનગરના મિલન સોલંકીએ યુપીએસસીમાં ઉત્તિર્ણ થવા સાથે જણાવ્યું હતું કે 'યુવાનોએ નિયમિતતા સાથે પદ્ધતિસરની તૈયારીઓ કરવી જોઈએ, દરેક વિષયને સમાન મહત્વ આપવા સાથે રોજબરોજની ઘટનાઓ પર પણ નજર રાખવી એટલી જ જરૂરી છે.' આ સાથે તેમણે સરકારી કાર્યોમાં નાગરિકોની ભાગીદારી વધારવા પર ભાર મુક્યો હતો.



● સરકારી પોલિટેકનિક કોલેજમાં લેકચરરની ફરજ બજાવવા સાથે યુપીએસસી પાસ કરનાર અક્ષય ઝારે નામના ઉમેદવારે જણાવ્યું હતું કે તેઓ છેલ્લા બે માસથી બિનપગારી રજા પર ઉતરી તૈયારીઓ કરી રહ્યાં હતા. મૂળ ભરૂચ નિવાસી અક્ષર ઝારે ગુજરાતી સાહિત્ય સાથે પાસ થયા છે. તેમણે કહ્યું હતું કે 'વહીવટમાં સુગમતા અને સરળતા માટે ભાષા અગત્યની છે, સાહિત્ય થકી જે તે વિસ્તારની પરિસ્થિતિથી વાકેફ થવાય છે.' તેમણે ઉમેર્યું હતુ કે 'સરકારમાં દરેક કાર્ય વિલંબથી થાય છે તેવી છાપ દૂર કરવા તેઓ કાર્યરત રહેશે.'

● કોર્પોરેટ કારકિર્દી છોડી યુપીએસસીમાં ઝંપલાવનાર મૂળ પોરબંદરના પરંતુ ગાંધીનગરમાં રહીને તૈયારી કરનારા દેવેન કેશવાલાએ જણાવ્યું હતું કે તેઓ દિવસના સરેરાશ ૧૦ કલાકથી વધુ સમય તૈયારીઓ માટે આપતા હતા. આ સાથે તેમણે જણાવ્યું હતું કે 'સૌરાષ્ટ્રમાં સ્પર્ધાત્મક પરીક્ષાઓ માટે બહુ મહત્વ નથી અપાતુ, અત્યારે ઈન્ટરનેટના યુગમાં માહિતી તો અઢળક પ્રાપ્ય છે પરંતુ તેમાંથી સાચુ તારવવુ જરૂરી છે.' આ સાથે દેવેને હેતુલક્ષી અને વર્ણનાત્મક એમ બંને પરીક્ષા પદ્ધતિની તરફેણ કરતાં કહ્યું હતું કે 'બંને પદ્ધતિ જરૂરી છે, વળી, યુવાનો જો ગૃપમાં તૈયારી કરતા હોય તો વધુ ફાયદો થાય છે.'



# માણસા તાલુકા પંચાયતના પ્રમુખ સહિત ૧૦ સભ્યોને ગેરલાયક ઠેરવાયા

**જિલ્લામાં રાજકીય સન્નાટો : વિધાનસભાની ચૂંટણી પૂર્વે કોંગ્રેસના ૧૦ સભ્યોએ કોંગ્રેસને રામ રામ કહી ભગવો ધારણ કર્યો હતો : નામોનિર્દિષ્ટ અધિકારીની કોર્ટની એક પણ મુદતે હાજર ન રહેતા એક તરફી નિર્ણય લેવામાં આવ્યો**

ગાંધીનગર, તા. ૧૧

માણસા તાલુકા પંચાયતના પ્રમુખ સહિત ૧૦ સભ્યોને પક્ષાંતર ધારાની કલમ ૩(૧)(ક) અન્વયે ગેરલાયક ઠેરવવાનો હુકમ નામોનિર્દિષ્ટ અધિકારી દ્વારા કરવામાં આવતાં જિલ્લાના રાજકારણમાં સન્નાટો છવાઈ જવા પામ્યો છે.

માણસા તાલુકાના દેલવાડાના સભ્ય બકુલાબેન પટેલે માણસા તાલુકા પંચાયતના ૧૦ સભ્યો સાથે પક્ષાંતર ધારા અન્વયે કેસ ચલાવવા માટેની અરજી કરી હતી.

નામોનિર્દિષ્ટ અધિકારીએ તેમના ચુકાદામાં નોંધ્યુ છે કે તા. ૨૫-૧૦-૧૭, ૮-૧૧-૧૭, ૨૨-૧૧,૧૭ અને ૨૦-૧૨-૧૭ના રોજ મુદત આપવામાં આવી હતી પરંતુ સામાવાળાઓ તેમના તરફથી કોઈ ઉક્ત મુદતે હાજર રહેલ નથી.

અરજદારના વકીલે છેલ્લી મુદતે એવી મૌખિક રજુઆત કરી હતી કે બે માસમાં આ કેસ અંગે નિર્ણય લેવાનો હોય છે. એક પણ મુદતે એક પણ સામાવાળા કે તેમના તરફથી કોઈ પ્રતિનિધિ હાજર રહ્યા નથી.

બીજુ જે સભ્યોએ પક્ષ સાથે છેડો પાડ્યો છે તેમણે રાજીનામા રાજીખુશીથી આપ્યા હોવાની વાત પણ તેમના રાજીનામામાં લખી છે અને પક્ષના મહામંત્રીના વેરીફીકેશનમાં જણાવેલ છે.

નામોનિર્દિષ્ટ અધિકારીએ નોંધ્યું છે કે રાજકીય પક્ષનું સભ્યપદ સ્વેચ્છાએ છોડી દીધેલ હોય તેથી ગુજરાતનો પક્ષાંતર બદલ સ્થાનિક સત્તામંડળોના સભ્યોને ગેરલાયક ઠરાવવાની જોગવાઈ કરતો અધિનિયમ ૧૯૮૬ની કલમ ૩(૧)(ક) સીધી જ લાગુ પડે છે. તેવા સંજોગોમાં આ કામના સામવાળાઓ ઉક્ત જોગવાઈ અન્વયે માણસા તાલુકા પંચાયના સભ્ય તરીકે ગેરલાયકાત ધારણકર્તા હોય આ હુકમ કરવામાં આવે છે.

માણસા તાલુકા પંચાયતના સભ્યો રાઠોડ જીલાબેન દુરસિંહ, પટેલ જયંતીભાઈ અંબાલાલ, પટેલ વિપુલકુમાર ખોડાભાઈ, ચૌધરી વિષ્ણુભાઈ નારાયણભાઈ, દેવડા

● અનુસંધાન પાન-૭ પર

## સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીમાં ભાજપે નિરીક્ષકો તરીકે નિમણુંક કરી

ગાંધીનગર, તા. ૧૧

ગાંધીનગર જિલ્લાની માણસા નગરપાલિકાના નિરીક્ષક તરીકે નીતિનભાઈ પટેલ અને આનંદીબેન પટેલ (પ્રમુખ) આઈ.બી. વાઘેલાની નિર્ણિંક ભાજપ દ્વારા કરવામાં આવી છે.

જ્યારે ગાંધીનગર તાલુકાના પ્રદેશ નીરીક્ષકો તરીકે અનિલભાઈ પટેલ, પ્રદેશ ઈન્ચાર્જ આઈ.કે. જાડેજા અને વીણાબેન પ્રજાપતિની નિમણુંક કરવામાં આવી છે.

આ બન્ને સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણી માટે જિલ્લાના પ્રભારી પૃથ્વીરાજભાઈ પટેલ પણ પ્રદેશ ઈન્ચાર્જ તરીકેની જવાબદારીના ભાગરૂપે હાજર રહેશે.

# ગુડા વિસ્તારના ગામોમાં ૪૦ લાખના ખર્ચે સી સી રોડ બનાવવાના કામનુ ખાતમુહુર્ત



ગાંધીનગર તા ૧૧

શહેરી વિકાસ સત્તા મંડળ દ્વારા આજે દોલારાણા વાસણા ,પ્રાંતિયા ,પીરોઝપુર એ રાયસણ ગામો માં આર સી સી રોડનુ ભુમિપુજન કરવામાં આવ્યુ હતુ. આ વિસ્તારમાં રૂ ૪૦ લાખના ખર્ચે આર સી સી રોડનુ કામ કરવામાં આવશે.

ગુડા દ્વારા વિકાસ કામોની સાથે માળખાગત સુવિધાના નવતર કામાને પણ ગુડા વિસ્તારમાં વેગ આપવામાં આવી રહયો છે. ગુડા દ્વારા વિવિધ ગામોમાં ટી પી વિસ્તારને ધ્યાને લઈ પાણી ગટર અને રસ્તાના કામો પણ હાથ ધરાયા છે. જયારે સ્ટ્રીટ લાઈટની જળહળા પણ કરવામાં આવી છે. જયારે આજે પણ ગુડા દ્વારા વિવિધ વિસ્તારમાં ગુડા ગ્રામ્ય વિકાસ સહયોગ યોજના હેઠળ મંજુર કરાયેલા કામોનુ ખાતમુહુર્ત કરવામાં

● અનુસંધાન પાન-૭ પર

# ગાંધીનગર ડેપોમાં સફાઈ વ્યવસ્થા ખાનગી એજન્સીને સોંપાશે

ગાંધીનગર તા ૧૧

ગાંધીનગર ડેપોમાં સફાઈના નામે મીંડુ હોવાનુ ધ્યાને આવે છે. ડેપોને મોડેલ સ્વરૂપ બનાવાની વાતો હવા થઈ ગઈ છે. જયારે ડેપો સંકુલમાં સફાઈની વ્યવસ્થા પણ પડી ભાંગી છે. જેના લીધે ડેપો સંકુલમાં જયાં ત્યાં કચરો જોવા મળી રહયો છે. આવા સંજોગોમાં ડેપો સંકુલને સ્વચ્છ અને સુંદર રાખવા માટે ડેપો કક્ષાએથી સફાઈની જવાબદારી એજન્સીને સોંપવામાં આવશે. ગાંધીનગર અને દહેગામ ડેપોમાં આ પ્રકારે શરતોને આધિન સફાઈ કામગીરીનુ કામ એજન્સીને સોંપવામાં આવશે.

ગાંધીનગર એસ ટી ડેપોને મોડેલ ડેપો બનાવાની યોજના હજુ પણ સાકાર થઈ નથી. આવા સંજોગોમાં ડેપોમાં મુસાફરોની સલામતીથી માંડીને અનેક પ્રકારના પ્રશ્નો ઉઠવા પામે છે. ડેપો સંકુલમાં પાન મસાલા તેમજ સ્મોકીંગ કરતા તત્વોને ડામવા માટે ડેપો દ્વારા કન્ટ્રોલરને વિશેષ જવાબદારી સોંપવામાં આવી છે. જયારે આ અન્વયે દંડ પણ વસુલવામાં આવ્યો છે. જેના લીધે ડેપો સંકુલમાં ગમે ત્યાં પાનની પિચકારી મારતા તત્વો પર અંકુશ લાવી શકાયો છે. પરંતુ હજુ પણ ડેપો સંકુલમાં ગંદકી ઉલેચવા માટે કાયમી વ્યવસ્થા ગોઠવાઈ નથી. ડેપો પાસે યોગ્ય મેનપાવરનો અભાવ છે. ત્યારે સફાઈ વ્યવસ્થાના અભાવ વચ્ચે ડેપો સંકુલમાં કયારેક કચરાના ઢગ જોવા મળે છે. ડેપોમાં મુસાફરોને અનુલક્ષી સલામતી અને સફાઈની વ્યવસ્થા યોગ્ય રીતે ગોઠવાઈ નથી. ત્યારે ગાંધીનગર અને દહેગામ ડેપોમાં સફાઈ કામગીરી ટેન્ડર કરી એજન્સીને સોંપવામાં આવી છે. ડેપો દ્વારા શરતોને આધિન સફાઈ વ્યવસ્થા એજન્સીને સોંપવામાં આવશે.

# સરકારી કચેરીઓના મિલ્કતવેરાના કરોડો બાકી

ગાંધીનગર, તા. ૧૧

ગાંધીનગર મહાનગરપાલિકામાં મિલ્કતવેરાના બાકીદારોમાં રાજ્ય સરકારની કચેરીઓ જ મોટા બાકીદારોની યાદીમાં આવતાં મનપાના સત્તાવાળાઓએ હવે કઈ રીતે આગળ વધવુ તે માટે અલાયદો વિચાર વિમર્શ હાથ ધર્યો છે.

પ્રાપ્ત થતી વિગતો પ્રમાણે પાટનગર યોજના વિભાગ પાસેથી જ રૂ. ૧૦ કરોડ, જીવરાજ મહેતા ભવન પાસે ૩ કરોડ અને પાટનગર યોજના ભવનની ઓફિસો પાસેથી રૂ. ૩ કરોડની જંગી બાકી નીકળે છે.

ગાંધીનગરમાં આવેલ એકઝીબીશન સેન્ટરનો પણ બાકીદારોની યાદીમાં સમાવેશ થાય છે. આ ઉપરાંત ગુડાની કચેરીની તેમજ ના.પુ. નિગમની પણ લાખોની બાકી હોવાનુ જાણવા મળેલ છે.

ગાંધીનગર મહાનગરપાલિકા દ્વારા તેના આગામી અંદાજપત્રની તૈયારીઓ કરવામાં આવી રહી છે. ત્યારે ૧૦૦ ટકા વસુલાત નથી થઈ તેવી મિલ્કતવેરાની બાબતને લઈ હવે મનપાના તંત્રએ આ વિભાગો સાથે અલગથી બેઠક યોજી અને નાણાં મેળવવા માટેના પ્રયાસો હાથ ધરવાની વાત વિચારણામાં લીધી હોવાનું જાણવા મળેલ છે.

એક તરફ વસુલાતના માપદંડને ૧૪મા નાણાં પંચમાં અગત્યનું સ્ત્રોત આવક માટે ગણવામાં આવેલ છે. સરકારી કચેરીઓની જ બાકી બોલતી હોવાથી મનપાનું તંત્ર વિમાસણમાં પડી ગયું છે. નોટબંધીને પગલે મનપાએ ગતવર્ષે સારી વસુલાત જરૂર કરી હતી જ્યારે આ વર્ષે વસુલાત ખાનગી મિલ્કતોની સારી રહી છે પણ સરકારી મિલ્કતોના વસુલાતનું પ્રમાણ નિમ્ન રહેવા પામેલ છે.

ગાંધીનગરમાં મોટાભાગની સરકારી મિલ્કતો આવેલી છે જેમાં કર્મચારીઓના આવાસોની સંખ્યા જ ૧૮ હજારથી વધુ છે. આ ઉપરાંત પાટનગર યોજનાની વિવિધ કચેરીઓ પણ દરેક સેકટરમાં આવેલી છે.

# આજે ગાંધીનગર ખાતે ટુ-વ્હીલર ચાલકોને સેફટી ગાર્ડનું વિના મૂલ્યે વિતરણ કરાશે

ગાંધીનગર, તા. ૧૧

ઉત્તરાયણના તહેવાર દરમ્યાન ગાંધીનગર શહેરના ટુ-વ્હીલર ચાલકોને દોરીથી સુરક્ષિત રાખવાના ઉમદા આશયથી ગાંધીનગર જિલ્લા વહીવટી તંત્ર અને વન વિભાગ દ્વારા ટુ-વ્હીલર ચાલકોને સેફટી ગાર્ડનું વિના મૂલ્યે વિતરણ કરવામાં આવનાર છે. આ વિના મૂલ્યે સેફટી ગાર્ડ તા. ૧૨મી જાન્યુઆરી, ૨૦૧૮ના રોજ સવારના ૧૧ થી ૧૨ કલાક દરમ્યાન નાયબ વનસંરક્ષકશ્રી, ગાંધીનગરની કચેરી, ધ-૪ સર્કલ નજીક ખાતેથી કરવામાં આવશે. આ સેફટી ગાર્ડનું વિતરણ વહેલા તે પહેલાના ધોરણે કરાશે.

રાજય સરકાર દ્વારા ઉત્તરાયણના તહેવાર દરમ્યાન કોઈ પક્ષી ધાયલ ન થાય અને ટુ-વ્હીલર ચાલકનો દોરી વચ્ચે આવવાથી અકસ્માત ન થાય તે અંગેની જાગૃતિ લાવવાના આશયથી તા. ૧૦મી જાન્યુઆરીથી કરૂણા અભિયાનના ઉમદા કાર્યક્રમનો આરંભ કરવામાં આવ્યો છે. આ અભિયાન દરમ્યાન ગાંધીનગર શહેર સહિત જિલ્લામાં લોકોમાં ચાઈનીઝ દોરી, તુક્કલ વાપરવાથી શું થાય છે અને ટુ-વ્હીલર ચલાવતા કઈ કઈ બાબતોની ખાસ તકેદારી રાખવા અંગેની જાગૃતિ આવે તે માટે અનેક કાર્યક્રમ યોજવામાં આવી રહ્યાં છે. ઉત્તરાયણના તહેવાર દરમ્યાન ગાંધીનગર શહેરના આંતરિક માર્ગો અને મુખ્ય માર્ગો પર ટુ-વ્હીલર ચાલકોને દોરી વચ્ચે આવી જતાં અકસ્માતના બનાવ બનતા હોય છે. આવા બનાવની માત્રા ઘટાડવા અને આ પ્રકારના અકસ્માતના ન બને તે અંગેની જાગૃતિ લાવવાના ઉમદા આશયથી ગાંધીનગર જિલ્લા વહીવટી તંત્ર દ્વારા વિના મૂલ્યે ટુ-વ્હીલર સેફટી ગાર્ડ લગાડી આપવાનો અને રેલીના કાર્યક્રમનું આયોજન તા. ૧૨મી જાન્યુઆરી,



૨૦૧૮ના રોજ સવારના ૧૧ થી ૧૨ કલાક દરમ્યાન કરવામાં આવ્યું છે. આ કાર્યક્રમ દરમ્યાન સવારના ૧૧ થી ૧૨ના સમય દરમ્યાન ધ-૪ ખાતે આવેલી નાયબ વન સંરક્ષકની કચેરી ખાતેથી શહેરના ટુ-વ્હીલર ચાલકોને તેમના ટુ-વ્હીલર પર વહેતા તે પહેલાના ઘોરણે સેફ્ટી ગાર્ડ લગાડી આપવામાં આવશે. ત્યારબાદ ત્યાંથી ધ-૪ થી ધ-૫ સુધી જાગૃતિ રેલી પણ યોજવામાં આવનાર છે. આ કાર્યક્રમમાં નગરના લોકોને સહભાગી થવા ગાંધીનગરના નાયબ વનસંરક્ષક અતુલભાઈ અમીને અપીલ કરી છે.

# ગ્રામ્ય-શહેર, જિલ્લાકક્ષાની હિલ્ડ શિલ્ડ ક્રિકેટ ટૂર્નામેન્ટનું આયોજન

ગાંધીનગર, તા. ૧૧

સ્પોર્ટસ ઓથોરિટી ઓફ ગુજરાત દ્વારા જિલ્લાની ગ્રામ્ય અને શહેર કક્ષાની સ્વામી વિવેકાનંદ હિલ્ડ શિલ્ડ ક્રિકેટ સ્પર્ધાનું અન્ડર-૧૯ કેટેગરી માટે આયોજન હાથ ધરવામાં આવ્યું છે. જિલ્લાકક્ષાની આ ક્રિકેટ સ્પર્ધામાં ભાગ લેવા ઈચ્છતી શાળાઓએ તેમની એન્ટ્રી તા. ૧૭મી જાન્યુઆરી સુધીમાં મોકલી આપવા જણાવાયું છે. આ એન્ટ્રી સિનિયર કોચ, જિલ્લા રમત પ્ર. શિક્ષણ કેન્દ્ર, મહાત્મા ગાંધી વિદ્યામંદિર, સેક્ટર-૨૧, ગાંધીનગરના સરનામે મોકલવાની રહેશે.


ઈશ્વરકૃપા ટાયર સર્વિસ
ગાંધીનગર ખાતે સૌથી જુના અને જાણીતા
એપોલો/સીયેટ
કંપનીના અધિકૃત વિક્રેતા
CEAT
BRIDGESTONE
તમામ સાઈઝના ઓરીજનલ ટાયર-ટ્યૂબ હાજર સ્ટોકમાં વ્યાજબી ભાવે મળશે
પ્લોટ નં. ૮૫૯, વિશ્વકર્મા શોપીંગ સેન્ટર, સરકારી લાઈબ્રેરીની બાજુમાં, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (દુ.) ૨૩૨૬૧૧૬૩, મો. : ૮૧૪૧૦ ૧૨૩૫૪, ૮૧૪૦૪ ૬૦૭૬૭

વધે નામના આપની એવી શુભકામના અમારી



ડો. સી. જે. ચાવડા
ધારાસભ્યશ્રી - ગાંધીનગર ઉત્તર
આપના ઝળહળતા વિજયને અંતરના ઉમળકાથી વધાવીએ છીએ... આપના નેતૃત્ત્વમાં ગાંધીનગર શહેર અને તાલુકાનો વિકાસ થતો રહે એવી શુભકામનાઓ પાઠવીએ છીએ...
લિ.
સી. જે. પરમાર
(ઈલેક્શન એજન્ટ - ગાંધીનગર ઉત્તર વિધાનસભા)
અને
મહામંત્રી, ગાંધીનગર શહેર કોંગ્રેસ

www.capitaloffset.in
કેપિટલ ઓફસેટ®
AN ISO 9001:2008 Certified Company
મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ
રજિ. ઓફિસ : પ્લોટ નં. એલ-૮૦૧/૧, ૨, જી.આઈ.ડી.સી. એન્જીનીયરીંગ એસ્ટેટ, સેક્ટર-૨૮, ગાંધીનગર. ફોન : ૦૭૯-૨૩૨૧૧૪૫૬, ૨૩૨૧૧૪૮૯
મો. : ૯૬૩૮૧૮૩૮૩૮, ૯૮૨૫૦ ૩૮૩૭૮, ૯૯૨૫૨ ૩૫૪૫૮,
E-mail : capitaloffsetgujarat@gmail.com
ઓફિસ : ૬૦૩ - ૬૦૪, ૬ઠ્ઠો માળ, હવેલી આર્કેડ કોમ્પ્લેક્ષ, હોટલ હવેલીની પાસે, રાધે સ્વીટની ઉપર, સેક્ટર-૧૧, ગાંધીનગર
ફોન : ૦૭૯-૨૩૨ ૪૩૬૨૩, મો ૯૬૩૮૧ ૮૩૮૩૮, ૯૯૨૫૨ ૩૫૪૫૯
બ્રોશર, લીફલેટ, મેગેઝીન, પત્રિકા, સોવિનિયર, વાર્ષિક અહેવાલ, ન્યુઝ લેટર તથા દરેક પ્રકારનું મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ તથા ગ્રાફિક્સ ડિઝાઈનીંગ

ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...
SANGHI CEMENT Turning Dreams into Concrete Reality
KisaN
ashirvad
BENELAVE
DR. FIXIT
TATA STEEL • PIPES • SHEETS
ET TMT BARS Mazboot Bharat ki Pehchan
જગદીશ સ્ટીલ સ્ટોર્સ
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
મો. ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬
શાખા :
સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૮૭૮૭૭
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ


Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@gmail.com